લાકડાનું ઢીમચું અને નૌસેનાપતિ દેડકો

બી. વાઇસમેન



લાકડાનું ઢીમચું અને
નૌસેનાપતિ દેડકો

બી. વાઇસમેન





બે દેડકાઓએ પાણી માં એક લાકડાનું ઢીમચું પોતાની તરફ આવતું જોયું.

એ લાકડાના ઢીમચા જેવું કંઈક દેખાઈ રહ્યું હતું.




એણે એને પોતાની પાસે આવવા દીધું કારણકે લાકડાનું ઢીમચું બટકું ન ભરે.

પણ ત્યાં એણે એક પગ જોયો!

"મને ખબર ન હતી કે લાકડાના ઢીમચા ને પગ પણ હોય છે!"

ફ્રેડી દેડકા એ કહ્યું.



"નથી હોતા,"

જોર્જે કહ્યું,

"લાકડાના ઢીમચા ને પગ
નથી હોતા!"



"ભાગો," ફ્રેડી એ ધીમા અવાજે કહ્યું.


"મને આ લાકડાનું ઢીમચું બરાબર નથી લાગતું."



અને જેવા એ કૂદ્યા ... ગ્લોપ!

એની પાછળ બે વિશાળ જડબા આપસ માં ટકરાયા!






એ જેટલી જલ્દી ઠેકડા મારી શકે એટલી જલ્દી થી ત્યાંથી ભાગ્યા.

એણે બીજા બધાને જણાવ્યું.




એક બુઢ્ઢા સસલા એ કહ્યું,

"આપણે એ લાકડાના ઢીમચા સાથે
વાત કરવી પડશે અને એની સાથે
મિત્રતા કરવી જોઈએ."



અને એ પાણી ની પાસે આવ્યું અને બોલ્યું,

"આવ, આપણે મિત્ર બની જઇયે!"



લાકડાના ઢીમચા એ એના જડબા એવી રીતે ખોલ્યા જાણે એ કંઈક વાત કરવાનું હતું.

પણ, ગ્લોપ!!

એણે સસલા ને ખાવાની કોશિશ કરી!

બીજા બધાએ આ બધું જોયું.

"હવે આપણે શું કરી શકીયે?" બધાએ પૂછ્યું.

"લડો!" એક તીખો અવાજ આવ્યો.

એ અવાજ એક યુવાન દેડકા નો હતો જેને કોઈ
જાણતું ન હતું.





"પણ કેવી રીતે?" એક પક્ષી એ પૂછ્યું.

"એના તીક્ષ્ણ દાંત છે, અણીદાર નખવાળા પંજા છે અને પૂંછડી છે!"

યુવાન દેડકા એ કહ્યું,

"મને તમારી નૌસેના નો અધ્યક્ષ બનાવો અને પછી જુઓ!"

"કઈ નૌસેના? કોની પાસે નૌસેના છે?" પક્ષી એ બૂમ પાડી.

"જો તમે મારુ કહેવાનું માનશો તો તમારી પોતાની નૌસેના હશે," યુવાન દેડકા એ વિશ્વાસ અપાવ્યો.

પક્ષી અને અન્ય પશુઓ એ આપસ માં મસલત કરી.

એમણે એને નૌસેનાધ્યક્ષ બનાવવાનો નિર્ણય કર્યો.

યુવાન દેડકા એ એક પાંદડું લીધું અને એનાથી નૌસેનાધ્યક્ષ ની ટોપી બનાવી.



ઘાસ થી એણે એનો પટ્ટો બનાવ્યો


અને એક છડી એની તલવાર બની ગઈ.




પછી એણે બધા ને સાથે બોલાવ્યા.

"તમે કાચબા," એણે કહ્યું, "હવે આપણી સેના ના વહાણ છો!

તમે તરીને જશો અને એને પાછળ થી બચકાં ભરશો."





"અને તમે નાના પક્ષી આપણા લડાકૂ વિમાન છો!

તમે તેજીથી નીચે ની તરફ ઉડાણ ભરશો અને


એના પર ચાંચ થી હૂમલો કરશો."

"તમે માછલીઓ સબમરીન છો!

તમે નીચે થી બટકા ભરશો!

અને તમે," એણે મોટા પક્ષીઓ ને કહ્યું, "બૉમ્બ ફેંકનાર વિમાન છો!

એના માથા પર મારવા માટે તમે મોટા પથ્થર ઉઠાવી ને લઈ જશો."



"બધા બીવર કિનારા પર બંધ બાંધશે.

અને સ્કંક, તમે તમારો અશ્રુ ગેસ તૈયાર રાખજો -

તમારું એ જ કામ છે! ચાલો, બધા મારી પાછળ આવો!"


નૌસેનાધ્યક્ષ એક કાચબા ના માથા પર સવાર થઈ ગયો.

એ સૌથી ઉપર હતો.

"ઉંધી ગણતરી શરુ કરો," એણે ગર્જના કરી.

"10-9-8-7-6-5-4-3-2-1-હૂમલો!"






લડાકૂ વિમાનો એ એના પર ચાંચ થી હૂમલો કર્યો,
બૉમ્બ ફેંકનારાઓ એ એના પર પથ્થર ફેંક્યા.


સબમરીને એને નીચે થી બટકા ભર્યા,
જયારે વહાણો એ એને પાછળ થી બચકાં ભર્યા.



એને દિવસ માં તારા દેખાવા લાગ્યા અને એ કિનારા તરફ તેજી થી જવા લાગ્યો, જેથી એ પાણી ની બહાર નીકળી ને ક્યાંક છુપાઈ શકે.




પણ ત્યાં કિનારા પર એક ઊંચી માટી ની દીવાલ હતી જે બીવરે બનાવી હતી!



ત્યાં ચાર સ્કંક ત્યાં આવી ગયા અને - વ્હુશ!

એ સંસાર નું સૌથી દુર્ગંધમય પ્રાણી હતું!

(સ્કંક એવું કરી શકે છે!)



"થોભો, મહેરબાની કરીને થોભો!"
એણે બૂમ પાડી.

"હું તું કહીશ એ કરીશ!"



"ઠીક છે," નૌસેનાધ્યક્ષે કહ્યું.

"તો વચન આપ :

તું જેટલે દૂર જઈ શકે છે ત્યાં ચાલ્યો જઈશ

અને ફરી ક્યારેય અહીં પાછો નહીં ફરે!"

"હું વચન આપું છું!" લાકડા ના ઢીમચાં એ કહ્યું.

"જી, હા! હવે હું જઈ શકું, શ્રીમાન, પ્લીઝ?"



"હા, જા!" નૌસેનાધ્યક્ષ ગરજ્યો.

એ સરકી ને પાણી માં ચાલ્યો ગયો - થાકેલો, દુર્ગંધ થી ભરેલો,

પસ્તાવો કરતો કે અહીં આવ્યો જ શું કામ - અને ...



... એક લાકડા ના ઢીમચાં ની
જેમ પાણી માં તરતો દૂર
ચાલ્યો ગયો.

